# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૦૨.૦૪.૨૦૧૯

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજરોજ રાજકોટ લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવારશ્રી મોહનભાઇ કુંડારીયાના નામાંકન માટે યોજાયેલ ભવ્ય રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પાંચ વર્ષમાં દેશ-દુનિયામાં ભારતનું નામ રોશન કર્યું છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જનધન યોજના હેઠળ ગરીબોના બેંકખાતા ખોલાવી વચેટિયાઓને મળતી મલાઇ બંધ કરાવી દીધી - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**આગામી લોકસભા ચૂંટણીમાં એક તરફ રાષ્ટ્રવાદ છે તો બીજી તરફ જાતિવાદ-જ્ઞાતિવાદ અને તૃષ્ટિકરણની રાજનીતિ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસના રાજમાં ત્રાસવાદના મુદ્દે નરમ વલણ હતું, જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી ત્રાસવાદીઓનો સફાયો કરવા દ્રઢનિશ્ચયી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ અને ગઠબંધન દેશની પ્રજાને જણાવે કે તમારો પ્રધાનમંત્રી કોણ છે ? - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના રાજકીય ગુરુ સામ પિત્રોડા - શેમ પિત્રોડા અને મણીશંકર ઐયર જેવા પાકિસ્તાનના પીઠ્ઠુઓ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં આજરોજ રાજકોટ લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવારશ્રી મોહનભાઇ કુંડારીયાના નામાંકન પ્રસંગે ભવ્ય રોડ-શો યોજાયો હતો. રોડ-શો પૂર્વે હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કર્યુ હતુ.

ભવ્ય રોડ-શો અને જનસભામાં ભાજપાના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, શહેર/મહાનગરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, સામાજીક ક્ષેત્રના અગ્રણીશ્રીઓ તેમજ વિવિધ સમાજના આગેવાનો સહિત હજારોની સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિશાળ સભાને સંબોધતા જણાવ્યુ હતુ કે, ૨૦૧૪ પહેલા યુપીએની સરકાર સોનીયા ગાંધીના ઈશારે ચાલતી હતી, તેથી દેશમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડોએ માઝા મુકી હતી. જેને કારણે દેશ ઘણો પાછળ રહી ગયો હતો તેથી દુનિયામાં ભારત દેશની ખુબ બદનામી થતી હતી. ત્યારે દેશની જનતાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વિશ્વાસ મુકી દેશને દુનિયામાં એક ઉંચાઇ આપી છે. છેલ્લા પાંચ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દુનિયામાં દેશનું નામ રોશન કર્યુ છે. દેશને ભ્રષ્ટાચારમુક્ત કર્યો છે અને દેશભક્તિની મિશાલ આપી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, આ વખતની લોકસભાની ચૂંટણીમાં એક તરફ રાષ્ટ્રવાદ - દેશભક્તિ છે તો બીજી તરફ વોટબેંકની રાજનીતિ કરનારા જાતિવાદ-જ્ઞાતિવાદ-તૃષ્ટિકરણની રાજનીતિ કરનારા છે. પરિવારવાદની રાજનીતિ કરનારાઓએ સ્વપ્ને પણ એવું નહી વિચાર્યુ હોય કે દેશનો એક સામાન્ય નાગરિક - ચાવાળા દેશના પ્રધાનમંત્રી પદે કેવી રીતે પહોંચી શકે ? પ્રધાનમંત્રી તો રાજપરિવારનો યુવરાજ જ બની શકે તેવી માનસિકતા ધરાવતી કોંગ્રેસ આજે તેનું અસ્તિત્વ ટકાવી રાખવા હવાતિયા મારી રહી છે.

અગાઉ યુપીએના શાસનમાં દેશમાં ઠેર-ઠેર ત્રાસવાદી હુમલાઓ થતા હતા. ત્રાસવાદના મુદ્દે તેમનું વલણ ખૂબ જ નરમ હતું જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રાસવાદીઓના સફાયા માટે દ્રઢ નિશ્ચયી છે. મ્યાનમાર, પી.ઓ.કે.માં આતંકવાદી કેમ્પોનો સફાયો કરનાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હવે અંતરિક્ષક્ષેત્રે દેશને સલામત અને સક્ષમ બનાવ્યો છે. એક તરફ બાંગ્લાદેશી ઘુષણખોરો માટે વોટબેંક ઉભી કરનાર તો બીજી તરફ ભાજપા સરકારે તેમને દેશમાંથી ખદેડી નાખવા પગલાં લીધા છે.

કોંગ્રેસ અને ગઠબંધનને પડકારતાં શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, દેશની જનતા જાણવા માંગે છે કે કોંગ્રેસ અને ગઠબંધન કોને પ્રધાનમંત્રી બનાવવા માંગે છે ? હકીકતમાં આ ગઠબંધન નહીં પરંતુ ઠગબંધન છે. તેઓનો માત્ર એકજ એજન્ડા છે - નરેન્દ્રભાઈ મોદીને હટાવો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર સ્થિર સરકાર છે અને તેમાં અસ્થિતરતા કેવી રીતે સર્જાય તેવા નિષ્ફળ પ્રયાસો કોંગ્રેસ અને ગઠબંધન કરી રહ્યા છે ત્યારે ભારતને વિશ્વગુરુ અને મહાસત્તા બનાવવા માટે અને આતંકવાદનો સફાયો કરવા માટે કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારને પુર્ણ બહુમતી સાથે પુનઃસત્તામાં આરૂઢ કરીએ.

શ્રી રૂપાણીએ સામ પિત્રોડાને શેમ પિત્રોડા અને મણીશંકર ઐયરને પાકિસ્તાનના પીઠ્ઠુઓ જણાવ્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ચોર કહેનારા ચોરો જ સૌથી વધારે શોર મચાવે છે. બાલાકોટ એરસ્ટ્રાઈક મુદ્દે આતંકવાદીઓને પોષનાર પાકિસ્તાન આજે સમગ્ર દુનિયા સમક્ષ ખુલ્લું પડી ગયું છે. આ ચૂંટણીમાં જો શ્રી નરેન્દ્રભાઈ મોદી શપથ લેશે તો દેશમાં મહાપર્વ દિવાળી ઉજવાશે અને જો કોંગ્રેસને ફાયદો થશે તો પાકિસ્તાન ઉત્સવ મનાવશે.

સ્વ. અટલજીએ કહેતા હતા કે, ભારત માતાનું શક્તિશાળી નિર્માણ કરવા મારા અસ્થિમાંથી પણ એકજ અવાજ આવશે ભારતમાતા કી જય.

૫૫ વર્ષ સુધી કોંગ્રેસે ગરીબો માટે કશું કર્યું ન હતું, કિસાનોને પાણી, ખાતર વગેરે પાયાની જરૂરિયાતો પુરી પાડી શકી નહોતી તેથી ખેડુતો આત્મહત્યા કરતા હતા. બેકારોની ફોજ કોંગ્રેસે જ ઉભી કરેલી છે. ઈન્દિરા ગાંધી પણ ગરીબી હટાવી ન શક્યા, ગરીબ વધુ ગરીબ અને પૈસાદાર વધુ પૈસાદાર બનતો ગયો હતો. ગરીબલક્ષી યોજનાઓ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શું અંબાણી અને અદાણી માટે બનાવી છે ? પ્રધાનમંત્રીએ જનધન યોજના અંતર્ગત ગરીબોના બેંકમાં ખાતા ખોલાવી સીધા પૈસા ખાતામાં જમા થાય તેવું કરતાં વચેટિયાઓને હવે મલાઈ મળતી બંધ થઈ ગઈ છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અનેક ગરીબોને ઘર મળ્યા છે, જ્યારે કોંગ્રેસનો પર્યાય જ ભ્રષ્ટાચાર છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચીનની દાદાગીરી સામે ટક્કર લેવા આજે દેશ સક્ષમ બન્યો છે. આજે સમગ્ર દેશની જનતા સ્પષ્ટપણે એવું માને છે કે ''મોદી હૈ તો મુમકીન હૈ''.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, રાજકોટ ભાજપાનો ગઢ છે તેથી કોંગ્રેસની ડિપોઝીટ અહીથી ડુલ થવી જોઈએ. રાજકોટ ભારે બહુમતી સાથે લોકસભાની બેઠક ઉપર કમળ ખીલવશે તો ગુજરાતની ૨૬ બેઠકો ઉપર પણ કમળ જરૂરથી ખીલશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૨.૦૪.૨૦૧૯

-----------

કોંગ્રેસની જાતિવાદ અને સંપ્રદાયવાદની રાજનીતી સામે
ગુજરાતની પ્રજાએ હંમેશા શાંતિ અને એકતાના માર્ગનો સ્વીકાર કરી
ભાજપાના વિકાસવાદ અને રાષ્ટ્રવાદને સમર્થન કર્યું છે. - શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી માં ભારતીને વિશ્વગુરૂના સ્થાન પર બેસાડવા
ભારતને સોનાની ચીડીયા બનાવવા 'ભારત કહે અને દુનિયા કરે' તેવી પરિસ્થિતીનું નિર્માણ કરવા માટે
રાત દિવસ અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે – શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

વિશ્વભરના આતંકીઓ અને તેમના આકાઓ ભારતની સેનાના શૌર્ય અને
પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની નિર્ણયશક્તિથી ફફડી રહ્યાં છે.- શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

'ભારતમાતા ની જય' અને 'વંદેમાતરમ્' બોલવામાં વાંધો પડતો હોય
તેવા લોકો આજે સરકાર બનાવવાના સપના જોઇ રહ્યાં છે. – શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

પાકિસ્તાનની ભાષા બોલી રહેલી કોંગ્રેસ પાર્ટીને ગુજરાત અને દેશની જનતા
ક્યારેય માફ નહી કરે – શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી આજરોજ જામનગર લોકસભા પરના ભાજપાના ઉમેદવાર શ્રીમતી પૂનમબેન માડમ તેમજ જામનગર ગ્રામ્ય વિધાનસભા બેઠક પરના ભાજપાના ઉમેદવાર શ્રી રાઘવજીભાઇ પટેલના નામાંકન ભરવાના પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. નામાંકન પૂર્વે યોજાયેલ વિશાળ જનસભા સંબોધતા પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની જાતિવાદ અને સંપ્રદાયવાદની રાજનીતી સામે ગુજરાતની પ્રજાએ હંમેશા શાંતિ અને એકતાના માર્ગનો સ્વિકાર કરી ભાજપા વિકાસવાદ અને રાષ્ટ્રવાદને સમર્થન કર્યું છે. જનસભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને પોતાનો અમુલ્ય વોટ ભાજપાને આપી ભાજપાના ઉમેદવારોને વિજયી બનાવવા હાકલ કરી હતી અને આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપા ભવ્ય વિજય મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વને બિરદાવતા શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી માં ભારતીને વિશ્વગુરૂના સ્થાન પર બેસાડવા ભારતને સોનાની ચીડીયા બનાવવા 'ભારત કહે અને દુનિયા કરે' તેવી પરિસ્થિતીનું નિર્માણ કરવા માટે રાત દિવસ અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આતંકવાદ વિરૂધ્ધ લેવાઇ રહેલા કડક પગલા અંગે શ્રીવાઘાણીએ જણાવ્યું હતું કે, આજના વિશ્વભરના આતંકીઓ અને તેમના આકાઓ ભારતની સેનાના શૌર્ય અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની નિર્ણયશક્તિથી ફફડી રહ્યાં છે.

કોગ્રેસ પર પ્રહાર કરતા શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, જે લોકોને 'ભારતમાતાની જય' અને 'વંદેમાતરમ્' બોલવામાં વાંધો પડતો હોય તેવા લોકો સરકાર બનાવવાના સપના જોઇ રહ્યાં છે. આતંકવાદના મુદ્દે પાકિસ્તાનની ભાષા બોલી રહેલી કોંગ્રેસ પાર્ટીને ગુજરાત અને દેશની જનતા ક્યારેય માફ નહી કરે અને આગામી લોકસભા ચૂંટણી ભાજપાને મત આપી કોંગ્રેસને ધ્વસ્ત કરી દેશે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, એક સમય હતો કે ભાજપા પાસે સમગ્ર દેશમાં માત્ર ૨ જ બેઠકો હતી અને આજે દેશમાં સ્પષ્ટ બહુમતી વાળી ભાજપાની સરકાર છે. ભાજપાને આ સ્તર સુધી પહોંચાડવવા માટે અનેક કાર્યકર્તાઓ એ ત્યાગ અને બલિદાન આપ્યાં છે અને પ્રમાણીકતાથી કાર્ય કરી ભાજપા માટે જીવન ખપાવી નાખ્યું છે તેમના બલીદાન વ્યર્થ ન જાય તેની ચિંતા આપણે સૌ એ કરવાની છે અને દેશનાં પરમ વૈભવના શીખરે લઇ જઇ તેમની ઇચ્છા પૂર્ણ કરવાની છે.

આ વિશાળ જનસભામાં દેવભૂમી દ્વારકા જિલ્લા પંચાયતના કોંગ્રેસના પ્રમુખ શ્રી પી. એસ. જાડેજા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિઠ્ઠલભાઇ સોનાગરા, ૯ તાલુકા પંચાયતના કોંગ્રેસના સદસ્યશ્રીઓ તથા ૩૦ સરપંચશ્રીઓ ભાજપાનો ખેસ ધારણ કરી વિધિવત્ રીતે ભાજપાની વિકાસયાત્રામાં જોડાયા હતાં.

જામનગર ખાતે ઉમેદવારશ્રીઓના નામાંકન પ્રસંગમાં ઉપસ્થિત રહ્યાં બાદ શ્રી વાઘાણીએ જામનગર લોકસભા પર ભાજપાના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્દઘાટન કર્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી આજરોજ પોરબંદર લોકસભા પરના ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ તેઓએ પોરબંદરના ભાજપા અગ્રણીઓ સાથે ચૂંટણીલક્ષી મહત્વની બેઠક કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૨.૦૪.૨૦૧૯

-----------

## ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

**આવતીકાલે છોટાઉદેપુર ખાતે તથા તા. ૦૪ એપ્રિલના રોજ પાલનપુર ખાતે ભાજપાના લોકસભાના ઉમેદવારોના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

**આવતીકાલે છોટાઉદેપુર તથા બારડોલી લોકસભા બેઠકના ઉમેદવારોના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

## આવતીકાલે તારીખ ૦૩ એપ્રિલના રોજ

**કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલા અને કેન્દ્રિયમંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતીકાલે જુનાગઢ લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચુડાસમાના નામાંકન પ્રસંગે,**

**કેન્દ્રિયમંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર તેમજ ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ આવતીકાલે છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાના નામાંકન પ્રસંગે,**

**રાજ્યસરકારના મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા આવતીકાલે બારડોલી લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રી પ્રભુભાઇ વસાવાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

**નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, કેન્દ્રિયમંત્રીશ્રી હરીભાઇ ચૌધરી, રાજ્યસરકારના પૂર્વમંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી અને ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ આવતીકાલે પાટણ લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભીના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના લોકસભાના ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે, જે અંતર્ગત,

આવતીકાલ તા. ૦૩ એપ્રિલ ૨૦૧૯ના રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને રાજ્ય સરકારના મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા બારડોલી લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રી પ્રભુભાઇ વસાવાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

જ્યારે સવારે ૧૦.૦૦ કલાકે છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી ગીતાબેન રાઠવાના નામાંકન પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, કેન્દ્રિયમંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર તેમજ ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

તા. ૦૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી બનાસકાંઠા લોકસભા બેઠક માટે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે સવારે ૧૧.૦૦ કલાકે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલા અને કેન્દ્રિયમંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતીકાલે જુનાગઢ લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચુડાસમાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

પાટણ જિલ્લા લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભીના નામાંકન પ્રસંગે આવતીકાલે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, કેન્દ્રિયમંત્રીશ્રી હરીભાઇ ચૌધરી, રાજ્ય સરકારના પૂર્વમંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી અને ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી કે. સી. પટેલ ઉપસ્થિત રહેશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ